ઉધનામાં બંધ મકાનમાંથી ૩.૩૯ લાખની ચોરી

સુરત : ઉધના વિનયનગર સ્થિત અનુપમ એપાર્ટમેન્ટના બીજા માળે મકાન નંબર ૮ માં રહેતા અને વાડી ફળિયા ખાતે ઝરીકામનું કામ કરતા રાજેશભાઈ લક્ષ્મીચંદ રાણા (ઉ.વ.૩૨) ગત તા. ૨૩/૦૮/૨૦૨૬ ના રોજ પરિવાર સાથે મોટાભાઈના ઘરે માતા-પિતા, બહેન-બનેવી અને ભાભી સહિતના તમામ પરિવારજનો એકઠા થયા હતા. આ સમયે બંધ રહેલા ઘરમાંથી તસ્કરો તિજોરીમાંથી ૧,૩૯,૪૭૦ ની કિંમતના દાગીના, ૨,૦૦,૦૦૦ રોકડા મળી કુલ રૂપિયા ૩,૩૯,૪૭૦ મત્તા ચોરી ગયા હતા. ફરિયાદના આધારે ઉધના પોલીસે અજાણ્યા ચોર ઇસમ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડિંડોલીમાં લોનના હપ્તા નહીં ભરી શકાતા આધેડે ફાંસો ખાધો

સુરત: ડિંડોલીમાં લોનના હપ્તા નહીં ભરી શકતા આધેડે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની 55 વર્ષીય લોટન ટાનકુ પાટીલ હાલમાં નવાગામ ડિંડોલી વિસ્તારમાં આવેલા હેત્વી રેસીડેન્સીમાં બે પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા અને સંચા ખાતામાં નોકરી કરતા હતા. લોટને વિવિધ લોન લીધી હતી. પરંતુ તેઓ લોનના હપ્તા સમયસર ભરી શકતા ન હતા. જેના ટેન્શનમાં આવીને તેઓએ કાલે સાંજે ઘરમાં લોખંડના હુંક સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

વેસુમાં કામ બરાબર નહીં ચાલતા પાણીના વેપારીએ એસિડ ગટગટાવ્યા

સુરત: વેસુમાં કામ બરાબર નહીં ચાલતા પાણીના વેપારીએ એસિડ પીને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, વેસુ વિસ્તારમાં આવેલા સુમન મલ્હાર આવાસમાં 49 વર્ષીય રાજેશકુમાર રણછોડભાઈ પટેલ એક પુત્રી સહિતના પરિવાર સાથે રહેતા હતા. તે બિસ્લેરી પાણીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. છેલ્લા કેટલાક સમયથી તેમનો વ્યવસાય બરાબર ચાલતો ન હતો. જેથી તેઓએ લીધેલી લોનના હપ્તા પણ ભરી ન શકતા હતા. જેના ટેન્શનમાં આવીને રવિવારે સવારે રાજેશકુમારે ઘરમાં એસિડ પી લીધું હતું. બનાવની જાણ થતાં પરિવારજનો તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

પાલનપુર જકાતનાકા રહેતા યુવકને દેવું થઈ જતાં ઝેર પી લીધું

સુરત: ઓલપાડ દેલાસાના વતની જ્ઞાનેશભાઈ અમૃતલાલ પટેલ (35 વર્ષ) હાલમાં પાલનપુર જકાતનાકા પાસે ભાગ્યોદય સોસાયટીમાં એક પુત્રી સહિતના પરિવાર સાથે રહેતા હતા. તે ઇન્સ્યોરન્સ કંપનીમાં નોકરી કરતા હતા. ગત 18મી તારીખે બપોરે જ્ઞાનેશભાઈની પત્ની નોકરીએ ગયા હતા. ત્યારે તેઓ ઘરે આવીને ઝેર પી લીધું હતું. પરિવાર સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન કાલે સાંજે તેમનું મોત થયું હતું. જ્ઞાનેશભાઈના માથે દેવું થઈ જતા તે સતત માનસિક ટેન્શનમાં રહેતા હતા. જેના કારણે આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પરિવારે વ્યક્ત કરી હતી.

૧૫.૨૯ લાખની છેતરપિંડીના કેસમાં આરોપીને જામીન

સુરત: કાપડ વેપારી જેનીશ ઘોળકિયા સાથે જયપુરનાં આરોપી હિમ્મત ઉર્ફે હેમરાજ તિકમચંદ મીનાનીએ રૂ. ૧૫,૨૯,૪૯૬ની છેતરપિંડી કરી હતી. આ રકમની ઉઘરાણી કરતા ફરિયાદીને ગાળો આપી ધમકીઓ આપી હોવાનો આક્ષેપ કરાયો હતો. આ કેસમાં આરોપી હિમ્મત મીનાએ એડવોકેટ વિરલ મહેતા મારફતે કોર્ટમાં જામીન અરજી કરી હતી. તપાસ અધિકારી દ્વારા જામીન અરજીનાં વિરોધમાં સોંગદનામું રજુ કર્યું હતું. જ્યારે સરકાર પક્ષે સરકારી વકીલ હાજર રહ્યાં ન હતાં. બંને પક્ષની રજુઆત બાદ કોર્ટ આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી.

POYમાં અસામાન્ય ભાવવધારાથી સંકટ

કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહને ચેમ્બરની રજૂઆત કરી કે આ માટે પોલિસી બનાવાય

સુરતઃ કેન્દ્ર સરકાર દ્વારા 15 જુલાઈ-2026થી MEG અને PTA પરની બેઝિક કસ્ટમ્સ ડ્યુટી (BCD) મુક્તિ હટાવી લેવાયા બાદ સ્થાનિક સ્તરે પોલિએસ્ટર મેલ્ટ (MELT) અને POYના ભાવોમાં થયેલા અસામાન્ય વધારા અંગે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) એ કેન્દ્રીય ટેક્સટાઈલ મંત્રી ગિરિરાજ સિંહને આંકડાકીય માહિતી સાથે રજૂઆત કરી છે.

ટેક્સટાઈલ મંત્રાલય સાથે યોજાયેલી ઓનલાઈન બેઠકના અનુસંધાને ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ રજૂઆત કરી હતી કે, સુરત ક્લસ્ટરમાં દર મહિને અંદાજે 1.52 લાખ મેટ્રિક ટન પોલિએસ્ટર યાર્નનો વપરાશ થાય છે, જેમાં 60% DTYનો સમાવેશ થાય છે. સ્થાનિક સ્તરે મેલ્ટનું 80% ઉત્પાદન માત્ર એક જ મોટી ઉત્પાદક કંપની પાસે કેન્દ્રીત હોવાથી ભાવ નિર્ધારણમાં એકતરફી સ્થિતિ સર્જાય છે. ચીનના ઉત્પાદકોને ભારતીય ઉત્પાદકો કરતાં POY પ્રતિ કિલો 15 સસ્તું મળતું હોવાથી સ્થાનિક MSME વિવર્સની મૂડી ધોવાઈ રહી છે અને રોજગારી પર જોખમ ઊભું થયું છે.

મેલ્ટ સ્ટેજના 7.92 + POY કન્વર્ઝન ડેલ્ટાના 12 મળીને સ્થાનિક વણાટકારો અને ટેક્સચરાઈઝર્સ પર પ્રતિ કિલો અંદાજે 20થી વધુનો ગેરવાજબી વધારાનો બોજ આવી રહ્યો છે, જેના કારણે ભારતીય ઉત્પાદનો વૈશ્વિક બજારમાં અસ્પર્ધાત્મક બની રહ્યા છે.

કાચા માલના અસામાન્ય ભાવવધારાથી રેપિયર જેકાર્ડ વિવર્સ ભારે ચિંતિત

સચિન જીઆઈડીસી ખાતે રેપિયર જેકાર્ડ વિવર્સ એસોસિયેશન ઓફ સુરતની કોર કમિટીની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં એસોસિએશનના અગ્રણી સી.કે.માણિયા અને મહેન્દ્ર રામોલિયા દ્વારા ટેક્સટાઇલ ઉદ્યોગને અસર કરતા વર્તમાન બજારના વિવિધ પરિબળો તેમજ ખાસ કરીને કાચા માલના ભાવમાં થયેલા અસામાન્ય વધારા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન છેલ્લા કેટલાક સમયથી યાર્ન અને જરીના ભાવમાં થયેલા નોંધપાત્ર વધારા ઉપરાંત રેપિયર જેકાર્ડ ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાતા અન્ય રો મટિરિયલના ભાવમાં સતત થઈ રહેલા વધારાને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

વ્યવહાર વિશ્વસનીય રેફરન્સથી જ કરો

એસોસિયેશને વિવરને નવી પાર્ટી કે બ્રોકર સાથે વ્યવહાર કરતાં પહેલાં યોગ્ય રેફરન્સ, બજારમાં તેમની વિશ્વસનીયતા અને અગાઉના વ્યવહારોની સંપૂર્ણ ચકાસણી કરવાની સલાહ આપી છે. ફ્રોડ પાર્ટી અને ફ્રોડ બ્રોકરોથી સાવચેત રહી દરેક વ્યવહાર વિશ્વસનીય રેફરન્સના આધારે કરવા અનુરોધ કરાયો છે. કોર કમિટી દ્વારા ઉદ્યોગની વર્તમાન પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી હોવાનું અને આગામી જાહેર બેઠકમાં જરૂરી નિર્ણયો અંગે ચર્ચા કરવામાં આવશે.

હજીરા કાંઠાના પ્રશ્નો મુદ્દે ધરણા કરે તે પહેલાં તા.પં.સભ્ય ડિટેઇન

PIની મધ્યસ્થીથી NHAI અને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને બોલાવી તાત્કાલિક કામગીરીની બાંયધરી

સુરતઃ હજીરા કાંઠા વિસ્તારના ગંભીર અને લાંબા સમયથી પડતર પ્રશ્નોને લઈને અપક્ષ તરીકે ચૂંટાયેલા ચોર્યાસી તાલુકા પંચાયત સભ્ય તથા હજીરા કાંઠા વિસ્તાર વિકાસ સહકારી મંડળીના પ્રમુખ દિપક પટેલ દ્વારા આજે ઇચ્છાપોર ચાર રસ્તા ખાતે ધરણા-પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે ધરણા શરૂ થાય તે પહેલાં જ પોલીસે દિપક પટેલ સહિતના લોકોને ડિટેઇન કર્યા હતા.

ધરણા દરમિયાન હજીરા કાંઠા વિસ્તારના રસ્તા, ટ્રાફિક અને પાણીની લાઇન સહિતના પ્રશ્નો અંગે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ દરમિયાન ઇચ્છાપોર પોલીસ સ્ટેશનનાં PI અને પોલીસ સ્ટાફે મધ્યસ્થી કરી સંબંધિત વિભાગોના જવાબદાર અધિકારીઓને પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ બોલાવ્યા હતા. ઇચ્છાપોર પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલી ચર્ચામાં NHAIના જવાબદાર અધિકારીઓને હજીરા કાંઠા વિસ્તારના ટ્રાફિકને અડચણરૂપ બનેલા રસ્તાની સ્થિતિ અંગે રજૂઆત કરવામાં આવી હતી. સ્થાનિકોના પ્રશ્નને ધ્યાનમાં રાખીને NHAI દ્વારા આજે જ રસ્તાનું રિપેરિંગ હાથ ધરી તેને ટ્રાફિક માટે ખુલ્લો કરી દેવાની બાંહેધરી આપવામાં આવી હોવાનું દિપક પટેલે જણાવ્યું હતું. રસ્તાની ખરાબ સ્થિતિને કારણે વાહનચાલકોને હાલાકી પડતી હોવાની તેમજ ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોવાની રજૂઆત પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત ગુજરાત પાણી પુરવઠા વિભાગના જવાબદાર અધિકારીઓને પણ પોલીસ સ્ટેશન ખાતે બોલાવવામાં આવ્યા હતા.

હજીરા કાંઠા વિસ્તારમાં પાણીની લાઇનના રિપેરિંગ સહિતના પ્રશ્નો અંગે રજૂઆત થતાં વિભાગના અધિકારીઓએ શક્ય તેટલી વહેલી તકે પાણીની લાઇનનું રિપેરિંગ કરી પ્રશ્નનો ઉકેલ લાવવાની ખાતરી આપી હતી.

ચેરિટી કમિશનર કચેરીની કામગીરી સામે CA એસો.નો સરકારને પત્ર

દક્ષિણ ગુજરાતમાં એક જ અધિકારી, અઠવાડિયામાં બે દિવસ સુરત-બે દિવસ ભરૂચ, લિફ્ટ વિનાનું બહુમાળી ભવન

સુરતઃ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન, સુરત (CAAS) એ ગુજરાત સરકારના કાયદા વિભાગના સેક્રેટરીને 31 ઓગસ્ટ-2026ના રોજ AN OFFICE ON VISITING HOURS શિર્ષક હેઠળ 23 પાનાંનો પત્ર લખીને દક્ષિણ ગુજરાતમાં ચેરિટી કમિશનરની કચેરીની કથળેલી કામગીરીનો પર્દાફાશ કર્યો છે.

CAASના પ્રમુખ CA હાર્દિક કાકડિયા અને હોદ્દેદારોએ લખેલા પત્રમાં જણાવ્યું હતું કે,વિભાગના પોતાના રજિસ્ટરમાં જ સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, તાપી, નર્મદા રિજિયનમાં કલમ 18 અને 22 હેઠળ કેટલી અરજીઓ કેટલાં વર્ષથી પેન્ડિંગ છે તેનો ડેટા છે.

આ પેન્ડન્સીને દર મહિને રિજિયન વાઈઝ અને 6 મહિના, 1-3 વર્ષ, 3-5 વર્ષ અને 5 વર્ષથી વધુ એમ વયજૂથ પ્રમાણે જાહેર કરો. સાથે જ ચેરિટી સંસ્થાની તમામ સેવાઓને ગુજરાત Right of Citizens to Public Services Act, 2013 હેઠળ નોટિફાય કરી સમયમર્યાદા નક્કી કરો, બિન-વિવાદિત ચેન્જ રિપોર્ટ માટે સમરી ટ્રેક બનાવો સહિત 11 માંગણી પર 4 અઠવાડિયામાં લેખિત જવાબ માંગવામાં આવ્યો છે.

દક્ષિણ ગુજરાતમાં એક જ અધિકારી

કાયદો દરેક રિજિયન માટે અલગ ઓફિસ અને અધિકારી માંગે છે, જ્યારે હકીકતમાં દક્ષિણ ગુજરાતમાં એક જ અધિકારી છે, જે અઠવાડિયામાં બે દિવસ ભરૂચ અને બે દિવસ સુરત બેસે છે, સુરત પર નવસારીનો પણ ભાર છે. CAASએ કહ્યું કે, આ ન્યાયિક કામ કરતી સંસ્થા નથી, આ તો વિઝિટિંગ અવર છે.

ટ્રસ્ટોના પૈસે જ પગાર છતાં સ્ટાફ નથીનું બહાનું

કલમ-58 હેઠળ દરેક ટ્રસ્ટ વહીવટી ફાળો ભરે છે અને કલમ 6B મુજબ આ જ ફંડમાંથી કમિશનર સહિત તમામ સ્ટાફનો પગાર ચૂકવાય છે. સરકારને અમારા પૈસા ખર્ચવાનું નથી કહેતા, અમારા જ પૈસા અમારા માટે ખર્ચો તેવી રજૂઆત કરાઈ છે.

સુરત હાઈકોર્ટની બેન્ચ માટે બારે સિનિયર વકીલોની કમિટી બનાવી

સુરતઃ દ.ગુ.માં હાઈકોર્ટની બેન્ચ માટેની ચળવળ સુરત જિલ્લા વકીલ મંડળે શરૂ કરી દીધી છે. લાંબા સમયથી સુરતમાં હાઈકોર્ટની બેન્ચની માંગ રહી છે. અવારનવાર રજૂઆત છતાં સરકાર તરફથી હકારાત્મક વલણ દાખવાયું નથી. આ માંગને ફરીથી આગળ ધપાવવા માટે સુરત બારના પ્રમુખ ઉદય પટેલે હાઈકોર્ટ બેન્ચ કમિટીની જાહેરાત કરી છે. જેમાં સિનિયર એડવોકેટ કલ્પેશ દેસાઈ, રમેશચંદ્ર શાહ, જિતેન્દ્ર ટેલર, જતીન ગાંધી, કમલેશકુમાર રાવલ, રાજેશકુમાર ઠાકરિયા, નિલકંઠ બારોટ, નિલેશ વધાસિયા, વિનય શુક્લા સહિત ૨૫ સભ્યોની કમિટી બનાવી છે. જેઓ સુરતમાં હાઈકોર્ટની બેન્ચ માટેની મૂવમેન્ટને આગળ ધપાવશે. આગામી દિવસોમાં આ અંગે સરકારમાં રજૂઆત કરવા માટે પણ ટીમ અમદાવાદ અને દિલ્હીમાં ધામા નાંખશે.

ખાડા કાંડમાં NHAIએ હવે દોષનો ટોપલો GWSSB-SMC પર ઢોળ્યો

3 વર્ષથી પત્રો લખવાનો અને 10 કરોડ આપ્યાનો દાવો કર્યો

પણ સવાલ એ છે કે ટોલ વસૂલનાર NHAIએ રોડ રિપેર કેમ ન કર્યો?

સુરતઃ ઇચ્છાપોર, બુધિયા અને ગભેણી હાઇવે પર છેલ્લા 4 મહિનાથી ખાડા અને ખોદકામ યથાવત રહેતા થયેલી ટીકા બાદ હવે NHAIએ બચાવમાં આવી દોષનો ટોપલો GWSSB (ગુજરાત પાણી પુરવઠો અને ગટર વ્યવસ્થા બોર્ડ) અને સુરત મહાનગરપાલિકા પર ઢોળી દીધો છે.

NHAIના સૂત્રોનું કહેવું છે કે રોડ બગડવા માટે જવાબદાર તેઓ નહીં, પણ GWSSB અને SMCની પાણીની પાઇપલાઇનમાંથી થતું સતત લીકેજ છે. આ લીકેજના કારણે જ વારંવાર હાઇવે ધોવાઈ જાય છે અને બેસી જાય છે. NHAIનો દાવો છે કે છેલ્લા 3 વર્ષથી તેઓ GWSSBને પાઇપલાઇન શિફ્ટ કરવા પત્રો લખી રહ્યા છે, રાજ્ય સરકાર સુધી રજૂઆત કરી છે. આ પાઇપલાઇનની માલિકી SMCની છે અને સંચાલન GWSSB કરે છે. તેમની જવાબદારી હોવા છતાં NHAIએ નવેમ્બર 2026માં SMCને પાઇપ શિફ્ટ કરવા માટે રૂ.10 કરોડ પણ ચૂકવી દીધા છે, છતાં કામ થયું નથી.

જોકે સ્થાનિકો અને વાહનચાલકો આ દલીલને ગળે ઉતારવા તૈયાર નથી. લોકોનું કહેવું છે કે જો લીકેજ જ કારણ હોય તો પણ હાઇવે મેન્ટેનન્સ અને રિપેરિંગની મુખ્ય જવાબદારી ટોલ વસૂલતી NHAIની જ છે. પાઇપ શિફ્ટ ન થાય ત્યાં સુધી વૈકલ્પિક રિપેરિંગ કરવું એ NHAIની ફરજ હતી. હવે વિરોધ વધતા NHAI દ્વારા GWSSB અને SMCને આગળ ધરી દોષનો ટોપલો ઢોળવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની ચર્ચા છે.

ઊંઘમાં પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદ

સુરતઃ પગારનાં નાણાં લાવવા બાબતે થયેલી બોલાચાલીની અદાવતમાં ઊંઘતી પત્નીની હત્યા કરનાર રત્નકલાકાર પતિને સેશન્સ કોર્ટે આજીવન કેદ અને 10,000 નાદંડની સજા ફટકારી છે.

કેસની વિગત મુજબ, પુણા બોમ્બે માર્કેટ રોડ સ્થિત કીર્તિધામ સોસાયટીમાં રહેતા એભલભાઈ માવજીભાઈ નકુમ અને તેમની પત્ની લક્ષ્મીબેન ઉર્ફે શોભાબેન વચ્ચે 26 માર્ચ, 2009ના રોજ પગારના રૂપિયા લાવવા અંગે ઝઘડો થયો હતો.

આ બાબતનો ખાર રાખી આરોપી પતિએ સવારે ચાર વાગ્યે ઊંઘતી પત્નીના ગળામાં સાડી લપેટી ટૂંપો આપી હત્યા કરી હતી. હત્યા બાદ ભાગી છૂટેલો આરોપી પસ્તાવો થતાં પરત ફર્યો હતો અને પત્નીની હત્યા કરી હોવાની બાહ્ય કબૂલાત કરી હતી. પુણા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. સેશન્સ કોર્ટમાં સરકારી વકીલ અરવિંદ વસોયાની ધારદાર રજૂઆતો અને પુરાવાને આધારે અદાલતે આરોપીને દોષિત ઠેરવી સજા ફટકારી હતી.

કાપોદ્રામાં બેડરૂમનો દરવાજો લોક થતાં બાળકી ફસાઈ

સુરતઃ કાપોદ્રામાં રમતા રમતા દોઢ વર્ષની બાળકીએ બેડરૂમનો દરવાજો અંદરથી બંદ કરી દેતાં બાળકી બેડરૂમમાં ફસાઈ ગઈ હતી. ભારે મથામણ બાદ પણ દરવાજો ન ખુલતા આખરે ફાયરબ્રિગેડની મદદ લેવામાં આવી હતી. ફાયરની ટીમે બાળકીનું રેસ્ક્યુ કર્યું હતું. કાપોદ્રા આશાદીપ સ્કૂલ પાસે શાંતી નિકેતન સોસાયટીમાં રહેતા મયંકભાઈ દિયોરાની દોઢ વર્ષીય પુત્રી પ્રવ્યા સોમવારે સવારે રમતા રમતા બેડરૂમમાં પહોંચી ગઈ હતી અને અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો. પ્રવ્યાએ દરવાજાનો અડાગરો બંધ કરી દીધા બાદ તેનાથી અડાગરો ન ખુલતા તે રૂમમાં ફસાઈ ગઈ હતી અને રડવા લાગી હતી. પ્રવ્યાનો રડવાનો અવાજ સાંભળીને પરિવારે દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સફળ ન થતાં પરિવારનો જીવ ટાળવે ચોંટી ગયો હતો. આખરે પરીવારે ફાયરબ્રિગેડને જાણ કરી હતી. બનાવની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને દરવાજાની બાજુમાં જ આવેલી બારીનો કાચ તોડી હાથ નાંખીને દરવાજાનો અડાગરો ખોલી પ્રવ્યાને સલામત રેસ્ક્યુ કરી હતી. પ્રવ્યા સલામત બહાર આવી જતા પરિવારે રાહતનો દમ લીધો હતો.

Notice Inviting Tender (NIT)

Deputy Collector, Mid Day Meal Scheme, Surat Municipal Corporation, Surat invites online bid from eligible organizations through https://smctender.nprocure.com for selection of implementing agency for supply of food under Mid Day Meal programme for the children of age group 3-5 years and 6-14 years [Balvatika and from standard 1st to standard 8th] studying in the Govt.,Govt-Aided,Local body,Gujarat schools for district Surat.

- Tender Online Uploading Date: 31-08-2026, 10:00 Hrs
- Last Date For Online Submission Of Bid: 11-09-2026, 18:00 Hrs
- Last Date For Submission of Hard Copy Of Tender Documents by Speed Post: 14-09-2026, 18:00 Hrs

Contact: Office of Deputy Collector, P M POSHAN YOJANA (Mid Day Meal Scheme) Surat Municipal Corporation, SMC Library First Floor, Opp. Sahitya Sangam, Kazi Nu Medan, Gopipura, Surat-395001

ID NO: 340478
Date: 31/08/2026 I/C. Deputy Collector
Place: SURAT Mid Day Meal Scheme
No.: Mahiti-Surat/ 542 /2026 Surat Municipal Corporation, Surat

Muthoot Homefin (India) Ltd. CIN-U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસ: મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ 19/ઈ, ધ ગ્રુબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ નજીક, દાદર વેસ્ટ, મુંબઈ-400028.
શાખા ઓફિસ: મુથુટ હોમફિન (1) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ નજીક, અડાજણ, સુરત ગુજરાત-395009

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6)ની જોગવાઈ જુઓ]
હરાજી સાથે વેચાણ માટેની જાહેર નોટિસ

સિક્યોરિટીઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવાદારો પાસેથી વસૂલાત માટે નીચે જણાવેલ સુરક્ષિત સંપત્તિનો કબજો લીધા પછી નીચે દર્શાવેલ સ્થાવર મિલકતની ખરીદી માટે બંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જે 'જેમ છે જ્યાં છે તેના આધારે', 'જેમ છે જેવું છે તેના આધારે' અને 'જે પણ છે ત્યાં છે તેના આધારે' છે, જેની વિગતો નીચે મુજબ છે:-

અ. નં.	દેવાદાર(રો)/સહ-દેવાદાર(રો)/ જામીનદાર(રો)/લોન એકાઉન્ટ નંબર/શાખા	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	રિઝર્વ પ્રાઇસ (અનામત કિંમત)	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (RP ના 10%)
1.	ભોમારામ કુકારામ / સંગીતા ભોમારામ / 004-00401560 / સુરત	11-નવે-25 / રૂ. 8,46,127/- રૂપિયા આઠ લાખ છેતાલીસ હજાર એકસો સત્તાવીસ પૂરા.	"વિનાયક રેસિડેન્સી" અથવા "શિવમ રેસિડેન્સી" તરીકે ઓળખાતી ઇમારતમાં પ્રથમ માળે આશરે 35.58 ચો. મીટર ક્ષેત્રફળ ધરાવતો ફ્લેટ નંબર: A-101, બિલ્ડિંગ નંબર A સાથે જમીનમાં 7.48 ચો. મીટરનો અવિભાજિત પ્રમાણસર હિસ્સો, જે પ્લોટ નંબર: 53 થી 55 પર આવેલ છે, રેવન્યુ સર્વે નંબર: 102/1, 102/2, બ્લોક નંબર: 104, 105 પૈકી, ગામ: કડોદરા, સબ-ડિસ્ટ્રિક્ટ: પલસાણા, ડિસ્ટ્રિક્ટ: સુરત. મિલકતની સીમાઓ: ઉત્તરે: બ્લોક નંબર 106 અને 83, પૂર્વે: પ્લોટ નંબર 90 અને 91, દક્ષિણે: પ્લોટ નંબર 56, પશ્ચિમે: સોસાયટીનો રોડ.	રૂ. 4,90,875/- રૂપિયા ચાર લાખ નેવુ હજાર આઠસો પંચોતેર પૂરા.	રૂ. 49,088/- રૂપિયા ઓગણપચાસ હજાર અઠ્યાસી પૂરા.
2.	રમેશસિંઘ અંશુમાનસિંઘ રાજપૂત / બીનાસિંઘ રમેશભાઇ રાજપૂત / 004-00404433 / સુરત	28-ફેબ્રુ-26 / રૂ. 5,68,364/- રૂપિયા પાંચ લાખ અડસઠ હજાર ત્રણસો ચોસઠ પૂરા.	"સાઇ દર્શન રેસિડેન્સી" ના પ્લોટ નંબર 191 થી 193 અને પ્લોટ નંબર 206 થી 209 પૈકી, રેવન્યુ સર્વે નંબર 93/1, બ્લોક નંબર 121, ક્ષેત્રફળ હે. આર 2-29-50 ચો. મીટર પૈકી "નંદ રેસિડેન્સી" માં 4થા માળે આવેલ ફ્લેટ નંબર 407, જેનું બાંધકામ ક્ષેત્રફળ 366.8 ચો. ફૂટ એટલે કે 34.08 ચો. મીટર બિલ્ટ અપ એરિયા અને 554.8 ચો. ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા છે, ગામ: બગુમરા, તા: પલસાણા, ડિસ્ટ્રિક્ટ: સુરત. ઉત્તરે- રોડ, દક્ષિણે- પ્લોટ નંબર 194, 205, પૂર્વે- રોડ, પશ્ચિમે- રોડ.	રૂ. 5,08,375/- રૂપિયા પાંચ લાખ આઠ હજાર ત્રણસો પંચોતેર પૂરા.	રૂ. 50,838/- રૂપિયા પચાસ હજાર આઠસો આડત્રીસ પૂરા.
3.	રસિકલાલ નારણભાઇ ભલાણી / કેતકીબેન રસિકભાઇ ભલાણી / SRT-HL-007015 / સુરત	28-ફેબ્રુ-26 / રૂ. 10,21,789/- રૂપિયા દસ લાખ એકવીસ હજાર સાતસો નેવ્યાસી પૂરા.	મોજે છાપરાભાઠા (હવે ગણેશપુરા), આરએસ નંબર 70/2, બીએલ નંબર 96 પૈકી, હેતવી એપાર્ટમેન્ટ, 1 લો માળ, ફ્લેટ નંબર 108, તા. સુરત સીટી (અડાજણ), ડિસ્ટ્રિક્ટ સુરત. ઉત્તરે: ફ્લેટ નંબર 14; દક્ષિણે: ઓએસ; પૂર્વે: ઓએસ અડીને આવેલ બિલ્ડિંગ; પશ્ચિમે: પ્રવેશ, પેસેજ, દાદર.	રૂ. 9,34,291/- રૂપિયા નવ લાખ ચોત્રીસ હજાર બસો એકાણુ પૂરા.	રૂ. 93,429/- રૂપિયા ત્રાણુ હજાર ચારસો ઓગણત્રીસ પૂરા.
4.	વિપિનકુમાર ભગીરથ / રીનાદેવી વિપિનકુમાર / 043-04300185 / ભરૂચ	28-ફેબ્રુ-26 / રૂ. 2,55,477/- રૂપિયા બે લાખ પંચાવન હજાર ચારસો સિત્તોતેર પૂરા.	ડિસ્ટ્રિક્ટ ભરૂચ, સબ-ડિસ્ટ્રિક્ટ અંકલેશ્વર, ગામ સંજાલી, આર. સુ. નંબર 122, 128, 123/1 થી 4, 296 અને 124 પૈકી પ્લોટ નંબર U\1\8, સંજાલી જીઆઈડીસી લેન્ડ લોઝર્સ કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લિમિટેડ, પ્લોટ નંબર 510 થી 514, રુદ્ર રેસિડેન્સી, ગ્રાઉન્ડ ફ્લોર, ફ્લેટ નંબર F-10, બિલ્ટ એરિયા 19.78 ચો.મીટર. મિલકતની સીમાઓ (વેચાણ કરાર મુજબ): ઉત્તરે: ખુલ્લી જમીન, પૂર્વે: અડીને આવેલ પેસેજ, દક્ષિણે: ફ્લેટ નંબર F-9, પશ્ચિમે: અડીને આવેલ પેસેજ.	રૂ. 2,53,300/- રૂપિયા બે લાખ ત્રેપન હજાર ત્રણસો પૂરા.	રૂ. 25,330/- રૂપિયા પચ્ચીસ હજાર ત્રણસો ત્રીસ પૂરા.
5.	ઝાન્ડુ હરિપદ દાસ / લલિતા ઝાન્ડુ દાસ / 043-04300006 / ભરૂચ	28-ફેબ્રુ-26 / રૂ. 10,45,261/- રૂપિયા દસ લાખ પિસ્તાલીસ હજાર બસો એકસઠ પૂરા.	પ્લોટ નંબર 2, ગ્રીન સિટી, ક્ષેત્રફળ 42.38 ચો.મીટર, રે. સુ. નંબર 113 પૈકી પ્લોટ નંબર 280 થી 315, મોજે જીતાલી, તા. અંકલેશ્વર અને ડિસ્ટ્રિક્ટ ભરૂચ. ઉત્તરે: પ્લોટ નંબર 3, પૂર્વે: પ્લોટ નંબર 27, દક્ષિણે: પ્લોટ નંબર 1, પશ્ચિમે: રોડ.	રૂ. 7,51,440/- રૂપિયા સાત લાખ એકાવન હજાર ચારસો ચાલીસ પૂરા.	રૂ. 75,144/- રૂપિયા પંચોતેર હજાર એકસો ચુંમાલીસ પૂરા.
6.	કલ્હૈયા રવિન્દ્રસિંઘ ચૌહાણ / કામિની રવિન્દ્રસિંઘ ચૌહાણ / 043-04300222 / ભરૂચ	28-ફેબ્રુ-26 / રૂ. 9,57,909/- રૂપિયા નવ લાખ સત્તાવન હજાર નવસો નવ પૂરા.	ડિસ્ટ્રિક્ટ ભરૂચ, સબ-ડિસ્ટ્રિક્ટ અંકલેશ્વર, મોજે ભાદકોદરા, આર. સુ. નંબર 189 2-3 ક્ષેત્રફળ 5761.72 ચો.મીટર અને 188/ 4 1631.44 ચો.મીટર, ધ ભાદકોદરા કો ઓપ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, શાલીમાર પાર્ક, 2 જો માળ, ફ્લેટ નંબર C\3\201, બિલ્ટ અપ એરિયા 51.09 ચો.મીટર. મિલકતની સીમાઓ: ઉત્તરે: કોમન પેસેજ, પૂર્વે: ખુલ્લી જમીન, દક્ષિણે: માર્જિન લેન્ડ, પશ્ચિમે: ફ્લેટ નંબર C-3\202.	રૂ. 7,10,688/- રૂપિયા સાત લાખ દસ હજાર છસો અઠ્યાસી પૂરા.	રૂ. 71,069/- રૂપિયા એકોતેર હજાર ઓગણસિત્તેર પૂરા.

1. હરાજી "જેમ છે જ્યાં છે" અને "જેમ છે જેવું છે" ના આધારે કરવામાં આવી રહી છે.
2. હરાજી વેચાણના વિગતવાર નિયમો અને શરતો નિયત ટેન્ડર ફોર્મમાં શામેલ છે, જે ઉપરોક્ત પ્રાદેશિક કાર્યાલય પર ઉપલબ્ધ છે.
3. નિયત ટેન્ડર ફોર્મમાં બંધ બીડ/ઓફર જમા કરાવવાની અને EMD ની રકમ 'મુથુટ હોમફિન (ઈન્ડિયા) લિમ